**DATE: 05/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–03**

# ઝગડિયાની DCM કંપનીમાં થયેલી ચોરીનો આરોપી ઝડપાયો

## એક વર્ષથી આરોપી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

ઝગડીયા ની ડી.સી.એમ કંપની માં થયેલ 1 વર્ષે ચોરી નો વોન્ટેડ આરોપી અંકલેશ્વર થી ઝડપાઈ જવા પામ્યો હતો. અગાવ પકડાયેલા રીઢા ચોર સાથીદારો ના નામ ના વટાણા વેર્યા હતા.પોલીસ ને ચકમો આપી છેલ્લા 1 વર્ષ થી ફરાર વિનોદ પણ ને અંકલેશ્વર શહેર પોલીસે ઝડપી પાડ્યો હતા. ઝગડીયા પોલીસ ને જાણ કરતા પોલીસ અંકલેશ્વર થી ટ્રાન્સફર વોરંટ પર ઝગડીયા લઈ ગઈ હતો.

ઝગડીયા જીઆઈડીસી માં આવેલ ડીસીએમ શ્રીરામ કંપનબી ખાતે 9 સપ્ટેમ્બર 2021 ના રોજ વર્કશોપ માંથી એસ.એસ. ની 6 મીટર ની 15 પાઈપ કિંમત રૂપિયા 80 હજાર ની ચોરી થઈ જવા પામી હતી. જે ચોરી માં અગાવ ઝગડીયા પોલીસે અંકલેશ્વર ના વિકાસ સંતરામ રામજોર અગ્રહરી ને ઝડપી પાડ્યો હતો. જેને જાવિદ, મિકીન અનિલ ગુપ્તા અને વિનોદ પાલ જિતપાલ સાથે ચોરી ને અંજામ આપ્યો હોવની કબૂલાત કરી હતી જે ચોરી માં છેલ્લા એક વર્ષ થી વોન્ટેડ એવા વિનોદ પાલ જિતપાલ ને અંકલેશ્વર શહેર પોલીસ એ ઝડપી પાડ્યો હતો. અને આ અંગે ઝગડીયા પોલીસ મથકે જાણ કરતા ઝગડીયા પોલીસ એ ટ્રાન્સફર વોરંટ મેળવી વિનોદ પાલ જિતપાલ ની ધપરકડ કરી ઝગડીયા ખાતે લઈ જઈ રિમાન્ડ ની તજવીજ શરુ કરી હતી.

**DATE: 05/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને પોલીસ તંત્ર એલર્ટ થયું

# જંબુસરની વધુ બે હોટલના મેનેજરો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લાની હોટલોમાં એસઓજીની ટીમો દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. પીએમ મોદીનો આમોદ ખાતે કાર્યક્રમ યોજાવાનો છે. ત્યારે કાર્યક્રમ ટાણે કે તે પહેલાં કોઈ ગુનાઈત કૃત્ય સાથે સંકળાયેલાં વ્યક્તિઓ દ્વારા શહેર જિલ્લામાં સુલેહશાંતી ડહોળવાનો પ્રયાસ ન કરાય તે માટે પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું છે. અને શહેર જિલ્લાની હોટલોમાં ખાસ ચેકિંગ શરૂ કર્યું છે. ઉપરાંત પોલીસ દ્વારા હોટલો-ગેસ્ટ હાઉસ સહિતના આશ્રય સ્થાનોના કોમ્પ્યુટરોમાં પથિક સોફ્ટવેર અપલોડ કરાવવામાં આવ્યું છે.

દરેક આશ્રયસ્થાનોના સંચાલકોમાં તેમના ગ્રાહકોની નોંધણી પથિક સોફ્ટવેરમાં કરવાની ચોક્કસ તાકીદ કરવામાં આવી છે. ત્યારે ભરૂચ એસપી ડો. લીના પાટીલની સુચનાથી એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમોએ હોટલ-ગેસ્ટહાઉસ સહિતના આશ્રય સ્થાનોમાં ચેકિંગ હાથ ધર્યું છે. ત્યારે જિલ્લામાં 50થી વધુ આશ્રય સ્થાનોની ચકાસણીમાં ભરૂચ-જંબુસરમાં પહેલાં 5 હોટલના મેનેજરો વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. દરમિયાનમાં વધુ બે હોટલોમાં પણ પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરતાં વેલકમ ગેસ્ટહાઉસના મેનેજર સઈદ અહેમદ ગુલામ રસુલ મલેક ( રહે. ખાનપુરી ભાગોળ) તેમજ બસેરા ગેસ્ટ હાઉસના મેનેજર મોહસિન એયુબ પટેલ (રહે. જાની ફળિયુ) વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 05/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ પાસેના શિવ ઓટો ગેરેજમાં દરોડો

# ઓટોગેરેજની આડમાં દારૂ વેચતો બૂટલેગર ઝબ્બે, સપ્લાયર વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના હોસ્ટેલ ગ્રાઉન્ડ પાસે આવેલાં એક ઓટો ગેરેજમાં એલસીબીની ટીમે દરોડો પાડી કેબીનમાં સંતાડેલો 55 હજારની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં શહેરનો જ એક મુખ્ય બુટલેગર તેને માલ સપ્લાય કરતો હોવાનું કબુલતાં ટીમે તેને વોન્ટેડ જાહેર કરી બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના હોસ્ટેલ ગ્રાઉન્ડ પાસે આવેલાં શિવ ઓટો ગેરેજના કેબિનમાં વિદેશીદારૂનો જથ્થો સંતાડેલો છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી ગેરજના સંચાલક જિતેન્દ્ર ઉર્ફે જીતુ ઠાકોર નામનો શખ્સને ઝડપી પાડ્યો હતો. ટમે તેના ગેરેજમાં તપાસ કરતાં ગેરેજના કેબીનમાં નીચેના ભાગે આવેલાં ખાનાનું તાળુ ખોલી તપાસ કરતાં તેમાંથી વિદેશીદારૂની વિવિધ 114 બોટલો મળી આવી હતી. ટીમે તેની ધરપકડ કરી દારૂ ક્યાંથી લાવ્યો તે અંગેની પુછપરછ કરતાં શહેરના ફાટાતળાવ વિસ્તારમાં રહેતો બુટલેગર પ્રતિક ઉર્ફે રાધે બિપીનચંદ્ર કાયસ્થ દારૂ સંતાડવા માટે તેના ગેરેજનો ઉપયોગ કરે છે. અને તેના ગેરેજની ચાવી પણ તેણે પ્રતિક ઉર્ફે રાધેને આપી હતી. તે ફોન પર સંપર્ક કરી ગ્રાહકો મોકલાવતાં તે તેમને દારૂની બોટલ આપી તેનો હિસાબ રાખતો હોવાનું કબલ્યું હતં. જેના પગલે પોલીસ

**DATE: 06/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### એ ડિવિઝન પોલીસે 10 હજારનો દારૂ જપ્ત કર્યો

# ભરૂચના બૂટલેગરના ઘરમાં ભોંયરામાંથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના શક્તિનાથ ત્રિમુર્તી હોલ પાસેના અંબિકાનગરમાં રહેતાં બુટલેગરના ત્યાં એ ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. બુટલેગરે ઘરમાં દારૂ સંતાડવા પાણીની ટાંકી જેવું ભોંયરૂ બનાવ્યું હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે 10 હજાર ઉપરાંતનો દારૂ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ શહેરના શક્તિનાથ વિસ્તારમાં ત્રિમુર્તી હોલ પાસેના અંબિકાનગર ખાતે રહેતો જિજ્ઞેશ ઉર્ફે સચિન સુરેશ છત્રીવાલા દારૂનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી એ ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડતાં જિજ્ઞેશ ઉર્ફે સચિન તેના ઘરમાં જ હાજર મળ્યો હતો. ટીમે તેના ઘરમાં તપાસ કરતાં ઘરના બીજા માળે બાથરૂમ અને બેડરૂમ વચ્ચેની ખાલી જગ્યામાં પાણીની ટાંકી જેવું ભોંયરૂં જણાયું હતું. ટીમે તેનું ઢાંકણ ખોલીને અંદર જોતાં તેમાંથી વિદેશીદારૂની વિવિધ બ્રાન્ડની કુલ 10 હજાર ઉપરાંતની વિદેશીદારૂ મળી આવતાં ટીમે દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**DATE: 06/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### અંકલેશ્વર અને નબીપુરની હોટલના બે મેનેજરો સામે ગુનો નોંધાયો

# PMના આગમન પહેલાં જિલ્લાની 50થી વધુ હોટલોમાં એસઓજીનું સઘન ચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં આમોદ ખાતે નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને પોલીસતંત્ર સતર્ક બન્યું છે. જિલ્લામાં આવેલી હોટલો-ગેસ્ટહાઉસોમાં પોલીસ દ્વારા ચેકિંગ શરૂ કરાયું છે. તેમાંય હોટલ સંચાલકો દ્વારા તેમના ત્યાં રોકાતાં ગ્રાહકો અંગેની નોંધણી પોલીસ દ્વારા અપાયેલાં પથિક સોફ્ટવેરમાં કરાય છે કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી હતી. દરમિયાનમાં એસઓજીની ટીમે છેલ્લાં ચારેક દિવસમાં 50થી વધુ હોટલોમાં ઝીણવટભરી રીતે તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં પહેલાં ભરૂચમાં ત્રણ હોટલો અને બાદમાં જંબુસરમાં કુલ 4 હોટલોના મેનેજરો સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે ટીમ દ્વારા ચેકિંગની પ્રક્રિયા જારી રાખતાં ભરૂચ હાઈવે પર નબીપુર નજીક ગુરૂદ્વારા પાસે ન્યૂ ગીરનાર હોટલમાં આવેલાં રેઈનબો ગેસ્ટ હાઉસના મેનેજર પંકજ કાંતીલાલ વસાવા તેમજ અંકલેશ્વરમાં પ્રતિન ત્રણ રસ્તા પાસેના ટોપાઝ ગેસ્ટ હાઉસના મેનેજર કાંતી બાબુ જાડીયા (રહે. રઘુવિરનગર, અંકલેશ્વર) વિરૂદ્ધ સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરવાને લઈને ગુનો નોંધ્યો હતો.

**DATE: 06/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### ડિસેમ્બર 2020માં વાગરાના ચાંચવેલ ગામે ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપાયું હતું

# ONGCની પાઈપમાં વાલ્વ બેસાડી ઓઈલ ચોરતી ટોળકીના બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાના ચાંચવેલ ગામની સીમમાંથી પસાર થતી ઓએનજીસી ગંધારની પાઈપલાઈનમાં ગેરકાયદે વાલ્વ બેસાડી ઓઈલ ચોરીનું કૌભાંડ વર્ષ 2020માં ડિસેમ્બર મહિનામાં ઝડપાયું હતું. એસઓજીની ટીમે ઝડપી પાડેલાં કૌભાંડમાં આરોપીઓ વોન્ટેડ હતાં. દરમિયાનમાં એસઓજીની ટીમે તે પૈકીના બે આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં.

ભરૂચ એસઓજીની ટીમે વર્ષ 2020ના ડિસેમ્બર મહિનામાં વાગરા તાલુકામાં આવેલાં ચાંચવેલ ગામની સીમમાંથી પસાર થતી ઓએનજીસી ગંધારની પાઈપમાં ગેરકાયદે રીતે વાલ્વ બેસાડી ક્રૂડ ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. પ્રાથમિક તપાસમાં આમોદના આછોદ ગામે રહેતો ઈકબાલ નિઝામ પઠાણ તેના સાગરિત ઈમ્તિયાઝ એહમદ દેડકો પટેલે વડોદરાના ભાયલી ખાતે રહેતાં અને ઓએનજીસીની પાઈપલાઈનોમાં ભંગાણ પાડી વાલ્વ બેસાડવાના માસ્ટર માઈન્ડ એવા વિજય ઉર્ફે મુન્નો ગણપત ગોહિલની મદદથી કારસાને અંજામ આપ્યો હોવાની માહિતી સાંપડી હતી. પોલીસે તેમના વિરૂદ્ધમાં વાગરા પોલીસ મથકે આઈપીસી 379,120બી તેમજ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટની કલમ 3 અને 7 તેમજ પેટ્રોલિયમ એન્ડ મિનરલ પાઈપ લાઈન એક્ટની કલમ 15(1) તથા 15 હેઠળ ગુનો નોંધ્યો હતો. ટીમે તેમને ઝડપી પાડવા માટેના ચક્રોગતિમાન કર્યાં હતાં. જોકે, તેઓ પોલીસને બે વર્ષથી ચકમો આપી રહ્યાં હતાં. દરમિયાનમાં એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એક ટીમ પાલેજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તેવેળાં કોન્સ્ટેબલ સુરેશ વણઝારાને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી પૈકીના ઈકબાલખાન તેમજ વિજય પાલેજ વિસ્તારમાંથી પસાર થવાને જેને પગલે તેમણે વોચ ગોઠવી બન્નેને ઝડપી પાડ્યાં હતાં.



**DATE: 08/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### સાંઈ લોક રેસિડન્સીમાં પોલીસે છાપો માર્યો

# અંકલેશ્વરમાં બંધ મકાનમાં સંતાડેલો દારૂ જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે સાંઈ લોક રેસિડન્સીમાં ભાડે મકાન રાખીને અંદર દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હતો.આ અંગેની માહિતીના આધારે પોલીસે નાની-મોટી બોટલ મળી ₹1.05 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને આરોપીઓને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે.

તાડ ફળિયામાં રહેતો શાહરૂખ નઝીર પઠાણે ને.હા.નં -48 ઉપર રાજપીપળા ચોકડી પાસે આવેલા સાઈ લોક રેસિડન્સીમાં ભાડેથી મકાન નં-બી- 5 માં મોટા પ્રમાણ ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. પોલીસે બાતમીના આધારે માહિતીવાળા સ્થળ પર રેઈડ કરતા મકાન બંધ હોય અને દરવાજા લોક માર્યું હતું. પોલીસે મકાનનું લોક તોડી દરવાજો ખોલી અંદર મકાનમાં તપાસ કરતા મકાનના પ્રથમ રૂમમાંથી તથા બાથરૂમમાંથી જુદી જુદી બ્રાન્ડની દારૂના બોક્સ મળી આવ્યા હતા. જેમાં પોલીસે 1,05,600 નો મુદ્દામાલ કબ્જે કરીને આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 08/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

# અંકલેશ્વરમાં થયેલી બાઈક ચોરીનો ભેદ ઉકેલતી પોલીસ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સુરવાડી બ્રિજ પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું તે દરમિયાન સુરવાડી ગામ તરફથી સ્પ્લેન્ડર પ્રો બાઈક આવતા પોલીસે તેને અટકાવવા ઈશારો કર્યો હતો જે બાઈક ની નંબર પ્લેટ નહિ હોવાથી પોલીસે બાઈક સવાર પાસે જરૂરી દસ્તાવેજો માંગતા તેણે આનાકાની કરી હતી પોલીસે સુરવાડી ગામના ટેકરી ફળિયામાં રહેતો દિનેશ નાનું વસાવાને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો

**DATE: 09/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### પિકઅપ ટેમ્પો જંબુસરથી ભરૂચ તરફ આવતો હતો

# કતલખાને લઈ જવાતાં 5 પશુઓને બચાવી લેવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દેરોલ ગામ પાસેથી કતલના ઈરાદે પિકઅપ ટેમ્પોમાં બે બળદ તેમજ 3 વાછરડીને ભરીને લઈ જવાતી હતી. દરમિયાનમાં ભરૂચ તાલુકા પોલીસે ટેમ્પો અટકાવતાં અંધારામાં ટેમ્પો ચાલક નાસી છુટ્યો હતો. જ્યારે પોલીસે પાંચેય પશુઓને બચાવી લઈ ટેમ્પો ચાલક સહિત તેની સાથે સંકળાયેલાં લોકો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ કન્ટ્રોલ રૂમમાં અગ્નિવીર ફાઉન્ડેશનના કાર્યકરોએ મેસેજ આપ્યો હતો કે, જંબુસર તરફથી એક પીકઅપ ટેમ્પોમાં કતલના ઈરાદે પશુઓનું વહન કરાઈ રહ્યું છે. જેના પગલે ભરૂચ તાલુકા પોલીસે અગ્નિવીર ફાઉન્ડેશનના કાર્યકરોએ દેરોલ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબનો પિકઅપ ટેમ્પો આવતાં પોલીસે તેને રોકવા જતાં ટેમ્પો ચાલકે તેનું વાહન પુરઝડપે ભગાડતાં પોલીસે તેનો પિછો કરતાં દેરોલ ચોકડી અને પેટ્રોલપંપ વચ્ચે ટેમ્પો મુકી અંધારામાં ભાગી ગયો હતો. ટીમે પિકઅપ ટેમ્પોમાં જોતા 3 વાછરડી તેમજ બે બળદ ક્રુરતાપુર્વક બાંધેલાં મળી આવ્યાં હતાં.


**મકાન વેચવાનું છે.**
મકતમપુર રોડ-ટચ આકૃતી બંગ્લોઝમાં મકાન વેચવાનું છે.
૧૩૩૦ સ્કે.ફુટ પ્લોટ,
૨૨૦૦ નું બાંધકામ
ત્રણ સાઈડ ઓપન